# અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા સંચાલિત આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ અંગેની જાહેરાત
## શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સારૂં શિક્ષણ મળી શકે તે હેતુથી રાજ્યમાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કક્ષાની ૨૭ આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. શાળાની યાદી **www.esamajkalyan.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ છે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ, નિવાસ, ભોજન, ગણવેશ, બુટ, મોજા, સ્ટેશનરી જેવી સગવડો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

આ આદર્શ નિવાસી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધોરણ : ૯ થી ૧૨માં પ્રવેશ મેળવવા ઇચ્છતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ પાસેથી પ્રવેશ માટે **www.esamajkalyan.gujarat.gov.in** પર તા. ૨૪/૦૫/૨૦૨૧થી તા. ૦૭/૦૬/૨૦૨૧ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

૧) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં પ્રવેશ મેળવવા માટેની અરજી ઓનલાઈન જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઈન જ અપલોડ કરવાના રહેશે.

૨) આદર્શ નિવાસી શાળાઓમાં હાલ ભણતા વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે અને ત્યારબાદ માન્ય સંખ્યા સામે ખાલી પડેલ બેઠકો મેરિટના ધોરણે ભરવામાં આવશે. નવા વિદ્યાર્થીઓ આગલા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% માકર્સ સાથે પાસ હોય તે અરજી કરવા પાત્ર રહેશે.

૩) અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના બાળકો, દિવ્યાંગ, વિધવા, ત્યકતા બહેનોના બાળકોને અગ્રતા આપવામાં આવશે. જેમને ગત વર્ષના પરિણામમાં ઓછામાં ઓછા ૪૫% ગુણ હોવા જોઇએ.

૪) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ વર્ગ માટે આવક મર્યાદા નથી, જ્યારે સામાજિક અને શૈક્ષણિક તથા આર્થિક રીતે પછાત વર્ગ માટે વાલીની આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- છે.

૫) ધોરણ ૧૧માં પ્રવેશ માટે ધોરણ ૧૦ની માર્કશીટ મળ્યા બાદ **www.esamajkalyan.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૬) આદર્શ નિવાસી શાળાઓની યાદી નીચે મુજબ છે:

★ **ધોરણ ૯ થી ૧૧ સામાન્ય પ્રવાહ માટે આદર્શ નિવાસી શાળાની યાદી :**

★ કુમાર માટે (૧) મુ. દયાપર, તા. લખપત, જિ. કચ્છ (૨) મુ. પોરબંદર (૩) મુ. મુંદ્રા જિ. કચ્છ (૪) મુ. પાટણ

★ કન્યા માટે (૧) મુ. સુરત (૨) મુ. મોડાસા, જિ. અરવલ્લી (૩) મુ. અમરેલી

★ **ધોરણ ૯ થી ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે આદર્શ નિવાસી શાળાની યાદી :**

કુમાર માટે (૧) મુ. ગાંધીનગર (૨) મુ. ખમીસણા તા. વઢવાણ જિ. સુરેન્દ્રનગર (૩) મુ. કેશોદ જિ. જૂનાગઢ (૪) મુ. રાજકોટ (૫) મુ. ભાવનગર (૬) મુ. પાલનપુર જિ. બનાસકાંઠા (૭) મુ. સુરત (૮) મુ. ઇડર જિ. સાબરકાંઠા (૯) મુ. મહેસાણા

★ કન્યા માટે (૧) મુ. વડોદરા

★ **ધોરણ ૯ થી ૧૨ સામાન્ય પ્રવાહ માટે આદર્શ નિવાસી શાળાની યાદી :**

★ કુમાર માટે (૧) મુ. અમરેલી (૨) મુ. જામનગર

★ કન્યા માટે (૧) મુ. જૂનાગઢ (૨) મુ. રાજકોટ (૩) મુ. પોરબંદર (૪) મુ. રાણીપ, જિ. અમદાવાદ (૫) મુ. ગાંધીનગર (૬) મુ. પાલનપુર જિ. બનાસકાંઠા (૭) મુ. વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ

૭) પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરિટ યાદી તેમજ અન્ય સૂચનાઓ ઓનલાઈન પ્રસિધ્ધ કરવામાં આવશે. જે માટે વિદ્યાર્થીએ સમયાંતરે ઉક્ત વેબસાઈટ જોવાની રહેશે. પ્રોવિઝનલ મેરિટ યાદીમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોની ચકાસણી અંગે જ્ઞ્ઞ/ઊ-લ્ફ્શહ મારફત જાણ કરવામાં આવશે.

૮) ઓનલાઈન પ્રોવિઝનલ મેરિટ યાદી પ્રસિધ્ધ થયેથી મેરિટ યાદીમાં આવેલ વિદ્યાર્થીઓએ સંબંધિત આદર્શ નિવાસી શાળા ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. જો કોઇ અરજદારની ઓનલાઈન ફોર્મમાં ભરેલ પરીક્ષાના ગુણની ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના કે અન્ય પ્રમાણપત્રોમાં તફાવત જણાશે તો તેવા અરજદારોને પ્રવેશ આપવામાં આવશે નહિ.

૯) સરકારશ્રીની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ , શાળાના મકાનની ક્ષમતાને ધ્યાને રાખી સરકારશ્રી દ્વારા નક્કી કરેલ નિયમોના આધારે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવશે. જેથી અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે પ્રવેશ અંગેનો હકક દાવો કરી શકશે નહિ.

૧૦) પ્રવેશ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે.

**(એન.એ. નિનામા -IAS)**
નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૨૦/૦૫/૨૦૨૧**
**માહિતી/૨૩૬/૨૧-૨૨**